ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારીયાદી</u> તા: ૧૬/૯/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,

ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૧૬ સપ્ટેમ્બર WORLD OZON DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ વકતવ્ય

સમગ્ર વિશ્વમાં તા.૧૬ સપ્ટેમ્બર ને વિશ્વ ઓઝોન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે **<u>OZONE DIALOGUE WITH YOUTH OZONE : ALL THERE IS BETWEEN YOU AND UV</u>** ની થીમ ના આધારે ઉજવણી કરવામાં આવી રહી છે. જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર તેમજ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (G.P.C.B.) ના સંયુકત ઉપક્રમે કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે આ જ થીમના આધારે **ડૉ.આઈ. આર. ગઢવી (H.O.D,** મરીંન સાયન્સ ડિર્પા, એમ.કે. યુનિ.ભાવ.) નું વકતવ્ય તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૫ ને બુધવારના રોજ ડૉકટરહોલ, મહિલા કોલેજ સર્કલ, ભાવનગર ખાતે સવારના ૧૦ થી ૧૨ દરમિયાન યોજવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી આર. આર. વ્યાસ સાહેબ (પ્રાદેશિક અધિકારી,ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ) ડૉ. આઈ. આર. ગઢવી (H.O.D, મરીન સાયન્સ ડિર્પા, એમ.કે. યુનિ.ભાવ.) બી.ડી.પ્રસદ (ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ) તેમજ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ ઉપસ્થિત રહેલ. જેમણે પ્રાસંગિક ઉદબોધન કરી ઓઝોન પડની જાળવણી ની અગત્યતા જણાવેલ.

તજજ્ઞશ્રીએ પોતાના વકતવ્યમાં ઓઝોનની વ્યાખ્યા સમજાવતાં જણાવેલ કે આપણું શરીર અગ્નિ, જળ, વાયુ, આકાશ, ધરતી આ પંચમહાભૂતનું બનેલું છે. તેમણે વધુમાં જણાવેલ કે નાસાના વૈજ્ઞાનિકોએ દક્ષિણ ધ્રુવએન્ર્ટાટિકા પ્રદેશ પર ઓઝોન સ્તરમાં ગાબડું પડેલ જેને ઓઝોન ગર્ગ નામ આપેલ. પૃથ્વી પર માનવીએ કરેલ ભૌતિક પ્રગતિથી જે પ્રદુષણ થયું છે તેને કારણે હવા, પાણી, જમીન જેવા ઘટકોમાં ફેરફાર થયા છે તે અનિચ્છનીય છે. ઓઝોનપડને નુકશાન કરતાં અલ્ટ્રાવાયોલેટ કિરણો પૃથ્વી પર વધુ પ્રમાણમાં પહોંચવાથી માનવ સહિત મોટા ભાગની જીવ સૃષ્ટિ નો નાશ થાય છે. **<u>ઓઝોન વાયુ શ્વાસમાં જાય તો તે ઝેર છે</u>**. જેને બચાવવાના સહિયારા પ્રયાસમાં સહભાગી થવા જણાવેલ.અને જે માટે આપણે સૌ સ્વયં પ્રતિબદ્ધ થઈએ અને આપણી રોજબરોજની જીવનશૈલીમાં **3 R'S REUSE, RECYCLE, REDUCE** વાતની સમજ પોતાની સરળશૈલીમાં સમજાવી વસ્તુઓનો આ પધ્ધતિથી ઉપયોગ કરવા જણાવેલ.

કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી યોજવામાં આવેલ. આ કાર્યક્રમનો લાભ કુલ મળીને ૩૦૦ જેટલા વિધાર્થીઓ તથા શિક્ષક મિત્રોએ લીધેલ.

પ્રી.પ્ર. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.